GJBK020201162025

**<u>ફોજદારી કેસ નં.૩૩૦૪/૨૦૨૩ના કામે આંક–૧ લગત હુકમ :–</u>**

– આજરોજ કાયમી લોકઅદાલત છે. આ કામના ફરીયાદી બી શારદા લાઇફ સાયન્સ નામની રજી.ભાગીદારી પેઢી વતી તેના સત્તાકીય અધિકારી અને ભાગીદાર ધ્વારા આ કામના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેની હાલની ફરીયાદના કામે ફરીયાદી વતી સત્તાકીય અધિકારી તથા તેમના તર્ફે વિ.વકીલ શ્રી જે.ડી.મહેશ્વરીની સહીથી આંક–૪રથી રજુ થયેલ વિડ્રો પુરશીશ ધ્યાને લેતા ફરીયાદીને આરોપી પાસેથી ચેકની રકમ રૂા.૬૮,૧૭૨/– (અંકે રૂપીયા અડસઠ હજાર એકસો બોત્તેર પુરા) મળી ગયેલ હોવાના કારણે આપસમાં સમાધાન થઇ ગયેલ હોઇ આ કામના ફરીયાદીએ આગળ કોઇ કાર્યવાહી કારવાની રહેતી ન હોઇ સદર પુરશીશથી હાલના કેસ મુજબની ફરીયાદ પરત ખેંચતા હોવાની હકિકત રેકર્ડ ઉપર આવેલ હોઇ સદર આંક–૪રથી રજુ થયેલ વિડ્રો પુરશીશ આધારે હાલના કેસની કાર્યવાહિ બંધ કરી સદર કેસ વિડ્રોથી ફેંસલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–અઢારમી, માહે–એપ્રિલ, સને–બે હજાર છવ્વીસના રોજ વાંચી સંભળાવી શનિવાર ની કાયમી લોકઅદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ: પાલનપુર
તા.૧૮/૦૪/૨૦૨૬.

(મહિપાલસિંહ જશવંતસિંહ બિહોલા)
પ્રિન્સી.સીનીયર સીવિલ જજ અને એડીશનલ ચીફ
જયુડી. મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં.જીજે–૦૦૬૨૪)

//THAKER//